ડીસામાં ભારત જાગો દોડમાં ૧૧૦૦ યુવાનો જોડાયા

ડીસા, તા.૧૧

સ્વામી વિવેકાનંદ સાર્ધશતી સમારોહ સમિતિ ડીસા દ્વારા આજે હાઈવે વિસ્તાર દીપાક હોટલથી સવારે ૭ કલાકે ભારત જાગો દોડનું પ્રસ્થાન કરાયું હતું. આ દોડમાં ૧૧૦૦ જેટલા યુવાનોએ ભાગ લીધો હતો. જયારે ૧૦૦ જેટલી બાળાઓ પણ આ દોડમાં જોડાઈ હતી.

અમેરિકાના હોલ ઓફ કોલમ્બસ શિકાગો ખાતે ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩ના દિવસે યોજાયેલી સર્વ ધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદજીએ પ્રભાવશાળી ઉદબોધન આપી હિંદુ ધર્મની પતાકા વિશ્વ ફલક પર લહેરાવી હતી, સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે ડીસામાં આજ રોજ ૧૧મી સપ્ટમ્બરે ભારત જાગો દોડનું આયોજન સ્વામી વિવેકાનંદ સાર્ધશતી સમારોહ સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે. સ્વામીજીના સંદેશને લોકો સુધી પહોંચાડવાના આશય સાથે યોજાનારી આ દોડમાં ૧૧૦૦ જેટલા યુવાન અને એકસો જેટલી બાળાઓ જોડાતા આ દોડ રાષ્ટ્રીય સ્વાભિમાનની દોડ બની હતી. ભારત જાગો દોડની તૈયારી માટે અધ્યક્ષ બળદેવભાઈ દેસાઈ તેમજ જિલ્લા સંયોજક ડૉ.મનોજ અમીનની આગેવાની હેઠળ આ દોડ ડીસા ખાતે યોજાતા મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા. આ દોડ સમાજના દરેક વર્ગને દોડમાં જોડાવાની માત્ર અપીલ જ નહીં તેનો સંદેશો પહોંચાડી, જોડવાની યોજના બની હતી.

આ દોડમાં રમત ગમત ક્ષેત્રના એસોસિએશન, કોચિંગ સેન્ટરો તેમજ કોલેજના વિદ્યાર્થીઓ, કાર્યકર્તાઓ એ પરસ્પર સહકાર બતાવતા આ દોડ સ્વામી વિવેકાનંદના આદર્શોને આગળ ધપાવતી દોડ બની હતી. જેમાં વિજેતાઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા. સવારે ૭.૩૦ વાગ્યે આશરે ૪ કિમીના આ રૂટ દરમિયાન જાણીતા તબીબ ડૉ.અજય જોશી દ્વારા સપર્ધકોને ટોપી, ટ્રાફિક વ્યવસ્થા, ગ્લુકોઝ/પાણી-લીંબુ-પીપરમીન્ટ જેવી સગવડો ઉભી કરવામાં આવી હતી. આમ ભારત જાગો, વિશ્વ જગાઓ સૂત્ર આ દોડમાં સાર્થક થતું દેખાયું હતું.

ખેડબ્રહ્મામાં તલાટીઓ નાગરિકોના કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર કરતા હોવાની બુમરાણ

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા તાલુકામાં સ્થિત વિવિધ ગામડાઓણાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા કેટલાક તલાટીઓ ઉચ્ચ અધિકારીની રહેમ નજર હેઠળ બિન્દાસપણે તલાટીઓ પ્રજાના કામો કરી આપવા કટકી મારી રહ્યા છે તેવી બુમરાણ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી કેટલાક ગામોમાં સ્થિત તલાટી કમ મંત્રી નાગરિકોના કામ કરવામાં આડોડાઈ કરી રહ્યા છે અને તાલુકાના ઉચ્ચ અધિકારીની રહેમ નજર હેઠળ વ્યાપક ભ્રષ્ટાચાર આચરી કટકી કરી રહ્યા છે. ભ્રષ્ટ અધિકારી અને તલાટીઓ પાસેથી હક પત્રક, જરૂરી દાખલા, ખાતેદારની વહેંચણી જેવા જરૂરી પુરાવા પહેલા તેમને રીઝવવા પડે છે અને બાદમાં ભોગ પણ લગાવવો પડે છે. તેવા આક્ષેપો સાથે પ્રજામાં ભારે રોષ જોવા મળ્યો છે. અને મનસ્વી વલણ દાખવી અને ભ્રષ્ટાચારને પોષી રહેલા ભ્રષ્ટ અધિકારીઓ સામે પગલા લેવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ડીસામાં સાથી શિક્ષકાની જાતીય સતામણી કરનાર શિક્ષક જેલ હવાલે

ડીસા, તા. ૧૧

ડીસાની જાણીતી કે.બી. અગ્રવાલ સ્કૂલમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને ગણિતના પાઠ ભણાવતા શિક્ષકે તેની સાથી એવી મહિલા શિક્ષિકાની અનેકોવાર જાતીય સતામણી કરતા પીડિત શિક્ષિક એ પોલીસની શરણે લઈ આ રોમિયોગીરી કરતા શિક્ષક વિરૂદ્ધ ડીસા દક્ષિણ પોલીસમથકે ફરિયાદ દાખલ કરતા પોલીસે દોષિત શિક્ષકને જેલ હવાલે કરેલ હોવાનો મામલો બહાર આવતા શિક્ષક જગતમાં સન્નાટો છવાયો છે.

સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓમાં કામકાજ કરતી મહિલાઓ અને વિદ્યાર્થિની - મહિલા અધ્યાપક કે કર્મચારીઓ પોતાની છેડતી-જાતીય સતામણી સામે જાગૃત થઈને પોતાની સુરક્ષા માટે અવાજ ઉઠાવીને બહાર આવે. તેમજ છેડતી કરનાર કે જાતીય સતામણી કરનાર શખ્સ વિરૂદ્ધ હિંમતથી ઉભી રહીને પોલીસમાં ફરિયાદ નોંધાવે તે માટે ૧૯૯૭માં સુપ્રીમ કોર્ટે સરકારી, અર્ધસરકારી, ખાનગી સંસ્થાઓમાં સ્ત્રીઓની જાતીય સતામણીના મામલે તેમજ જાતીય સતામણી રોકવા કમિટિ રચવાનો આદેશ કર્યો હતો. જો કે તેમ છતાં મહિલાઓની છેડતી અને બળાત્કારની ઘટનાઓ ચિંતા જનક રીતે વધી રહી છે એવા જ એક

બનાવમાં સાથી શિક્ષકે એક તરફી પ્રેમમાં વિવેક ભૂલી એક મહિલાની સરેઆમ અનેકો વખત જાતીય સતામણી કરેલ હોવાની ચોંકાવનારી ઘટના બનાસકાંઠાના ડીસામાં બહાર આવેલ છે.

આ ચકચારી અને કલંકીત ઘટનામાં ડીસાની જાણીતી સ્કૂલ કે.બી. અગ્રવાલ હાઈસ્કૂલના ગણિતના શિક્ષક અમિત લક્ષ્મીરામ રહે, વેલુંનગર સોસાયટી, ડીસાએ અગાઉ તેમની સ્કૂલમાં જ નોકરી કરતી નીતાબેન કનૈયાલાલ ખત્રીની જાતીય સતામણી કરી હતી. પ્રથમ તો પીડિત મહિલાએ આ કૃત્ય ના કરવા દોષિત શિક્ષકને ચેતવણી આપેલ જો કે પ્રેમાંશક્ત આ શિક્ષકે તેની વાત માનેલ નહિ અને જ્યારે તેની મરજી થાય ત્યારે પીડિત શિક્ષિકા નીતા ખત્રીની સતામણી ચાલુ રાખી હતી. જો કે છેલ્લા પાંચ વર્ષથી આ રોમીયોગીરી કરતાં શિક્ષક સામે આબરૂ જવાની બીકે પીડિતાએ તેનો ત્રાસ સહન કરેલ જેનાથી બેફામ બનેલ આ લંપટ શિક્ષકે આજે સવારે એવી હરકત કરેલ કે તેને જોઈ આજુબાજુ ચાલતા રાહદારીઓના માથા શરમથી ઝુકી ગયેલા. કેમકે આ રોમીયોગીરી કરતા શિક્ષકે ધોળે દિવસે રસ્તા પર જતી પીડિત યુવતીને મોટર સાયકલ પર નજીક જઈ આતરી જબરજસ્તી તેના ગાલ પર ચુંબન કરવાની કોશીશ કરેલ. અને પીડિતા વશમાં ના થતા તેણીને પકડી બાથમાં ભીડવાની કોશીશ કરી ફિલ્મી હીરોની જેમ 'બકુદા આઈ લવ યુ' કહેતા આ ગભરૂ પીડિત યુવતી લાજ જવાની બીકે બુમાબુમ કરી મુકેલ અત્યંત ક્ષોભજનક સ્થિતિમાં મુકાયેલી આ યુવતીની બુમાબુમ થતા તેનો ભાઈ અને અન્યો દોડી આવ્યા હતા જે જોઈ કામાંધ બનેલ આરોપી શિક્ષક ભાગી ગયો હતો. જે બાદ જિલ્લા પોલીસ વડાની કચેરીએ જઈ આ મહિલા શિક્ષિકાએ રક્ષણ માંગતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. જે બાદ ડી.એસ.પી. અશોકકુમાર યાદવની સીધી સુચનાએ ડીસા દક્ષિણ પોલીસ મથકના પી.આઈ. કે.ડી. નકુમે મોડી સાંજે આ મહિલાની ફરિયાદ આધારે દોષિત શિક્ષક અમિત પંડ્યા વિરૂદ્ધ ડીસા પોલીસે ગુનો નોંધી તેને જેલ હવાલે કર્યો છે.

કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સમાં ભાગ લેતા ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૧૧

દક્ષિણ આફ્રિકાના જ્હોનીસબર્ગમાં યોજાયેલ કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની પ૮મી વાર્ષિક કોન્ફરન્સમાં વાવ વિસ્તારના ધારાસભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ ભાગ લીધોહતો. તા. ૨ થી ૬ સપ્ટેમ્બર માટેના સંશોધન અને ટેકનોલોજી ટ્રાન્સફર કરવા માટે સાંસદો અને વિધાનસભ્યોની ભૂમિકા' વિષય પર શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાનું વક્તવ્ય રજુ કર્યું હતું.

આંતરરાષ્ટ્રીય સ્તરે વર્ષમાં એકવાર મળતી આવી અગત્યની

સુધી યોજાયેલી આ કોન્ફરન્સમાં પાર્લામેન્ટ અને દેશની વિધાનસભાઓના પસંદગી પામેલા સભ્યોનો સમાવેશ થયો હતો. જે અંતર્ગત 'કૃષિ ઉત્પાદકતા વધારવા કોન્ફરન્સમાં દેશભરમાંથી પસંદગી પામેલા સંસદસભ્યો અને ધારાસભ્યોમાં શ્રી શંકરભાઈ ચૌધરીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

ધનસુરા સિનિયર સિટિઝન્સની સામાન્ય સભા યોજાશે

ધનસુરા, તા. ૧૧

ધનસુરા પ્રદેશ સિનિયર સીટીઝન્સ ટ્રસ્ટની સામાન્ય સભા પ્રમુખ જયંતિભાઈ સી. શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. ટ્રસ્ટના મંત્રીએ સ્વાગત પ્રવચન અને વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. પ્રવાસ અંગે વિચારણા બાદ ૭૫ વર્ષ પૂર્ણ કરનાર સભ્ય નવનીતભાઈ બી. શાહનું શાલ ઓઢાડી બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું. નિઃશુલ્ક નેત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

આકરૂંદના વસંતલાલ શાહનું અવસાન

ધનસુરા, તા. ૧૧

આકરૂંદ વિશા ખડાયતા સમાજના અગ્રણી ધનસુરા પ્રદેશ સીનીયર સીટીઝન ટ્રસ્ટ સહમંત્રી અને નિવૃત્ત પ્રાથમિક શિક્ષક વસંતલાલ અમૃતલાલ (મંગળદાસ) શાહનું દુખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની અંતિમયાત્રામાં વિશાળ સમુદાય જોડાયો હતો. બેસણું ગુરૂવારે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

તલોદ હાઈવે પર અજાણ્યા વાહને દહેગામના પદયાત્રીને ચગદી નાખ્યો

તલોદ, તા. ૧૧

તલોદ તાલુકાના સબરાજીના મુવાડા અને આંબજીના મુવાડા વચ્ચે હાઈ-વે ઉપર ગતરોજ સાંજે દહેગામથી અંબાજી જતા એક પદયાત્રીને ટ્રકે કચડી નાખતા તેનું મોત નિપજ્યું હતું. જ્યારે બે ઈજાગ્રસ્ત યાત્રીઓને તલોદ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે ગાંધીનગર ખસેડવામાં આવ્યા હતા. આ મામલે તલોદ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગતરોજ મોડી રાત્રે દહેગામના કોઢી ગામના પદયાત્રીસંઘ સાથે અંબાજી માતાના દર્શનાર્થે જતા હતા. રાત્રીના લગભગ ૮.૩૦ કલાકે તલોદ તાલુકાના સબરાજીના મુવાડા અને આંબજીના મુવાડા વચ્ચે જાહેર માર્ગ પર પાછળથી ઘસમસતી અને ગફલતભરી રીતે અજાણ્યા વાહનના ચાલકે વાહન હંકારી પદયાત્રીને અડફેટમાં લીધા હતા. જેમાં નેપાલસિંહનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતુ. જ્યારે અન્ય બે યાત્રીઓ વિનેન્દ્રસિંહ અને પ્રકાશસિંહને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતના પગલે પદયાત્રી કિશોરસિંહ ચૌહાણે તલોદ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે અકસ્માત સર્જી નાસી છુટેલા અજાણ્યા વાહનના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈકોફ્રેન્ડલી ગણેશજીની પ્રતિમા બનાવવાનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ અને કોમર્સ કોલેજ એન.એસ.એસ. વિભાગ અને નેચરલ કલબના સંયુક્ત ઉપક્રમે ઈકોફ્રેન્ડલી ગણેશજીની પ્રતિમા બનાવતા શીખવવાનો વર્કશોપ શાળાના યોજાયો હતો. પર્યાવરણની જાળવણી, સાથે કલાઅભિમુખ તથા સ્વાલંબી બનાવવાનો હતો. ચંદ્રકાન્ત પ્રજાપતિએ સાદી માટીમાંથી ખૂબ જ કલાત્મક મૂર્તિ બનાવતાં શીખવાડેલ હતું. કાર્યક્રમનું આયોજન ડૉ.ભાગીરથી કેતન ભટ્ટ તથા પ્રા.શોભનાબેન ચૌહાણે કર્યું હતું. આચાર્ય યોગેશભાઈ રાજગોરે મૂર્તિ બનાવનાર ભાગલેનાર તમામને અભિનંદન આપ્યા હતા.

રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કુપોષિત બાળકોને લઈને અભિયાન હાથ ધર્યુ છે. ત્યારે તેમના અભિગમને સાર્થક કરતા આંગણવાડી કેન્દ્રોમાં પણ અતિકુપોષિત બાળકો માટે ત્રીજા ભોજન તરીકે લાડુનું લોન્ચીંગ કરાયું છે. જે યોજનાના ભાગરૂપે પાલનપુર શહેરના મહિલા અને બાળ વિકાસ ઘટક-૧ના પાલનપુર સેજા-૨ સેજાના સુખબાગ, ઘેમરપુરા અને ભીલવાસ આંગણવાડી કેન્દ્રો ખાતેના બાળકોને તિથિ ભોજન આપી લાડુની યોજનાનું લોન્ચીંગ કરાયું હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

પાટણ

જીરૂ	૧૯૯૦	૨૩૮૧
વરીયાળી	૭૫૦	૧૩૫૦
બંટી	૨૫૦	૨૭૧
રાયડો	૫૬૦	૬૩૨
એરંડા	૬૯૩	૬૩૨
ઘઉં	૩૦૦	૩૭૯
જુવાર	૨૦૦	૩૩૫
બાજરી	૨૩૦	૨૬૮
ગવાર	૧૪૫૦	૧૬૩૦

તલોદ

એરંડા	૭૦૫	૭૨૦
ઘઉં	૩૦૮	૩૫૯
બાજરી	૨૨૦	૨૮૮
ગવાર	૧૪૫૧	૧૬૧૧

સલાલ

મગફળી	૫૮૦	૬૮૦
ઘઉં	૩૧૦	૩૪૫
બાજરી	૨૧૦	૨૫૫
ડાંગર નવા	૩૧૦	૩૩૫

પ્રાંતિજ

એરંડા	૬૯૦	૭૦૦
ઘઉં	૩૦૦	૩૪૦
બાજરી	૨૧૦	૨૬૦
ડાંગર જ્યા	૩૧૦	૩૩૬

ધનસુરા

એરંડા	૭૦૦	૭૧૦
મકાઈ	૩૦૦	૩૨૦
ઘઉં	૩૧૦	૩૩૫
બાજરી	૨૩૦	૨૬૯
ગવાર	૧૨૫૦	૧૬૦૦

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૧૩	૩૨૫
ઘઉં ૪૯૬	૩૨૫	૩૪૦
મકાઈ	૨૯૫	૨૯૯
એરંડા	૭૧૦	૭૧૩

મોડાસા

રાયડો	૫૮૫	૬૧૨
એરંડા	૭૦૫	૭૧૭
બાજરી	૨૩૫	૨૬૫
મકાઈ	૨૮૦	૩૧૫
ઘઉં	૩૦૦	૩૬૮
મગફળી	૪૦૦	૪૫૦
ગવાર	૧૩૨૫	૧૬૩૬

ટીંટોઈ

એરંડા	૬૯૦	૭૧૦
મકાઈ	૨૮૦	૩૧૨
ઘઉં	૩૦૦	૩૩૮
ગવાર	૧૨૦૦	૧૪૪૫

દહેગામ

બાજરી	૨૩૭	૨૭૧
ઘઉં	૩૧૫	૩૨૮
ડાંગર	૨૭૫	૩૦૦
એરંડા	૬૯૭	૭૦૪
ગવાર	૧૩૫૦	૧૫૫૩
મકાઈ	૨૬૦	૨૯૦
તુવેર	૫૩૦	૬૧૫
જુવાર	૨૫૦	૩૬૦
રાયડો	૫૧૫	૫૭૦

રખિયાલ

બાજરી	૨૩૫	૨૭૦
ઘઉં	૩૧૦	૩૨૫
ડાંગર	૨૭૦	૨૯૦
એરંડા	૬૯૫	૭૦૨
ગવાર	૧૩૦૦	૧૫૩૦
મકાઈ	૨૫૦	૨૮૦
તુવેર	૫૨૦	૨૮૦
તુવેર	૫૨૦	૬૦૫
જુવાર	૨૪૦	૩૫૦
રાયડો	૫૧૦	૫૬૦

હિંમતનગર

મગફળી	૫૦૦	૬૫૦
એરંડા	૭૧૫	૭૨૩
ઘઉં	૩૧૫	૩૮૪
બાજરી	૨૦૦	૨૬૪
મકાઈ	૨૮૦	૩૦૫
ગવાર	૧૨૫૪	૧૬૩૯

ઈડર

ઘઉં	૩૧૦	૩૩૭
મકાઈ	૩૧૫	૩૩૮
એરંડા	૭૦૧	૭૨૧
બાજરી	૨૬૫	૨૮૦
મગફળી	૫૫૦	૬૦૦
ગવાર	૧૫૦૦	૧૫૮૫
જુવાર	૩૫૦	૩૯૦

કડી

ઘઉં	૩૦૦	૩૭૦
ડાંગર	૨૦૦	૩૦૦
બાજરી	૧૮૦	૨૬૨
બંટી	૨૫૮	-
જવ	૨૨૯	૨૭૬
ગવાર	૧૪૦૦	૧૭૦૦
એરંડા	૭૦૦	૭૦૬
રાયડો	૫૮૩	૫૮૮

પાલનપુર

ઘઉં	૩૧૦	૪૦૧
બાજરી	૨૧૧	૨૬૮
એરંડા	૭૨૦	૭૩૦
રાયડો	૬૦૮	૬૨૦
રાજગરો	૧૧૮૦	૧૨૨૫
મગફળી	૫૭૫	૭૫૬
ગવાર	૧૨૦૦	૧૬૯૦

સિદ્ધપુર

મગ	૮૦૦	૯૭૭
જવ	૨૩૦	૨૫૦
રાયડો	૫૬૦	૬૨૦
એરંડા	૭૦૯	૭૨૯
ગવાર	૧૪૪૦	૧૭૦૦
ઘઉં	૨૯૬	૩૬૪
બાજરી	૧૯૦	૨૯૭
જુવાર	૪૯૦	૫૯૨

ઉંઝા

જીરૂ	૧૯૦૦	૨૭૧૨
વરીયાળી	૮૮૦	૨૨૭૫
ઈસબગુલ	૧૦૧૧	૧૪૭૬
સરસવ	૬૮૫	-
રાયડો	૫૭૫	૬૮૦
મેથી	૫૩૦	-
તલ	૨૧૪૫	૨૨૧૧
સવા	૬૦૦	૭૨૫

વિસનગર

ઘઉં	૩૦૩	૩૭૧
બાજરી	૨૦૦	૨૯૦
રાયડો	૫૭૪	૬૧૫
એરંડા	૭૦૦	૭૨૯
ચોરા	૭૧૫	૮૬૧
મકાઈ	૨૭૭	-
જુવાર	૩૩૫	૬૦૧
તલ	૧૭૦૫	-
જવ	૨૬૫	૨૮૨
મગ	૮૪૦	-
ગવાર	૧૩૫૦	૧૬૪૫
રજકાના બી	૧૨૦૦	૨૫૯૧

મહેસાણા

ઘઉં	૩૦૫	૩૫૧
જીરૂ	૧૫૦૧	૨૪૦૦
રાયડો	૫૨૨	૫૯૯
મેથી	૫૧૨	-
સવા	૬૬૭	-
બાજરી	૨૧૬	૨૮૮
એરંડા	૭૦૦	૭૧૫
અજમો	૭૮૦	૯૫૬
ગવાર	૧૪૭૦	૧૬૩૦

આંબલીયાસણ

ઘઉં	૩૦૦	૩૨૦
બાજરી	૨૩૪	૨૫૮
રાયડો	૫૯૦	૬૦૨
એરંડા	૭૦૭	૭૧૧
ગવાર	૧૫૫૯	૧૫૬૬
જુવાર	૪૮૦	-

જોટાણા

ઘઉં	૩૧૧	૩૧૫
એરંડા	૭૦૦	૭૦૯
રાયડો	૫૮૫	૫૯૨

હારીજ

રાયડો	૬૧૦	૬૨૮
એરંડા	૬૯૦	૭૨૩
બાજરી	૨૧૦	૨૭૧
ઘઉં	૨૬૫	૩૭૨
ગવાર	૧૬૦૦	૧૭૦૧
અડદ	૨૯૫	૬૦૦
મગ	૮૦૦	૧૦૧૪
જવ	૩૧૪	-
ચણા	૫૬૦	૬૨૬
જીરૂ	૨૧૨૫	૨૫૧૦
સાસટો	૨૮૦	૩૩૫
સવા	૬૪૦	૯૦૯
બંટી	૨૫૭	-
ઈસબગુલ	૭૬૦	-
મેથી	૬૧૬	-

કલોલ

ઘઉં	૩૦૫	૩૪૫
એરંડા	૭૧૪	૭૨૨
બાજરી	૨૪૫	૨૮૦
રાયડો	૬૦૯	૬૧૦
ડાંગર	૨૫૫	૩૨૭
ગવાર	૧૨૫૧	૧૫૮૦
જુવાર	૩૨૪	૬૨૫